Adda247

વિભાગ-2 ( વિષયવસ્તુ અને પદ્ધતિશાસ્ત્ર ) (પ્રશ્ન નં.101 થી 170)

પ્રશ્ન નં.101 થી 130 (દરેકના 2 ગુણ)

101 તુલસીદાસજી, નરસિંહ મહેતા, શંકરદેવ અને માધવદેવે એકતાનો અનુભવ કઈ રીતે કર્યો ?

(A) શંકરાચાર્યના 'અદ્વૈત'ના તત્ત્વજ્ઞાનને આધારે.

(B) પોતે અનુક્રમે ઉત્તર ભારત, ગુજરાત અને અસમના સપૂતો છે એ રીતે.

(C) પુણ્યભૂમિ ભારતમાં જન્મ પામ્યાને કારણે.

(D) ઈશ્વરની ભક્તિને કારણે.

102 'સાસણ પહોંચ્યો ત્યાં બજાર સૂમસામ જોયું' – આ વાક્યનો અર્થ દર્શાવતું વાક્ય ઓળખો.

(A) બજાર સૂનમૂન હતું.

(B) બજારના રસ્તા પર ફક્ત મુસાફરો આંટા મારતા હતાં.

(C) બજારમાં દુકાનો બંધ હતી અને ખાસ અવરજવર ન હતી.

(D) બજારની દુકાનોમાં કોઈ ગ્રાહકો ન હતા.

103 'કોડિયું તારું કાચી માટીનું, તેલ દિવેલ છુપાયાં' પંક્તિ દ્વારા કવિ શેને સૂચવે છે ?

(A) શરીર અને ક્ષમતા (B) કોડિયું અને પ્રકાશ (C) ક્ષમતા અને તાકાત (D) જ્ઞાન અને બળ

104 'વહાલાજીનું રૂપ મહાશુભકારી' – એ પંક્તિમાં વપરાયેલા વિશેષણનો પ્રકાર કયો છે ?

(A) સંખ્યાવાચક (B) ગુણવાચક (C) સંબંધવાચક (D) ક્રમવાચક

105 'પિતાજીની આંખમાંથી મોતીના બિંદુ ટપક્યાં, ચિઠ્ઠી ભીંજાઈ.' – એ ...

(A) ક્રિયા છે. (B) પ્રક્રિયા છે. (C) સ્થિતિ છે. (D) અવસ્થા છે.

106 ગાંધીજી લખે છે, 'એ મોતીબિંદુના પ્રેમબાણે મને વીંધ્યો' – તો ગાંધીજીનું એ પ્રેમબાણથી શું વીંધાયું ?

(A) છાતી (B) કાન (C) મગજ (D) હૃદય

107 'મોટું જૂનું લાકડું' અથવા 'ઝાડનું થડિયું'-માટે 'પછી શામળિયોજી બોલિયો' કાવ્યમાં કયો શબ્દ વપરાયો છે?

(A) ખોડ (B) થડ (C) ઠૂંઠું (D) ડિંગચું

108 'આશ્ચર્યથી મહારાજ મીઠા લીંબુ જેવા બોરને જોઈ રહ્યા.' આ વાક્યમાં ખરેખર શેની વાત છે ?

(A) સ્વાદની (B) આકારની (C) માપની (D) માત્રાની

109 'જીવનજંગે જગત ભમ્યાં' – એ કાવ્યપંક્તિમાં 'ભમ્યાં' નો અર્થ શું કરશો ?

(A) ક્યાંય પહોંચ્યાં નહીં તેવું ઘાણીના બળદની જેમ ગોળ-ગોળ ફર્યા કર્યા.

(B) ઈશ્વરની શોધમાં યાત્રા રૂપે ફર્યાં.

(C) મોજમજાની સફર કરી.

(D) લક્ષ્ય ચૂકાઈ ગયું હોય તેમ આમતેમ ભટક્યાં.

110 'લોહીની સગાઈ' વાર્તામાં મોટો દીકરો અમરતકાકીની વેદનાને બરાબર સમજ્યો હતો. તેવું નીચેનામાંથી ક્યા વાક્યમાંથી ફલિત થતું નથી ?

(A) મંગુને દવાખાને મૂકવી એવો અમરતકાકીએ નિર્ણય કર્યો. એ માટે દીકરાને પત્ર લખાવ્યો. પત્ર મળતાં દીકરો આવી પહોંચ્યો.

(B) બહારના ખંડમાં સૂતેલા દીકરાને પણ ઊંઘ આવી ન હતી. માનો ડૂસકા સાથે એની આંખમાંથી પણ આંસુ વહેવા લાગ્યાં.

(C) વેદના માના હૈયાનું માંસ કેવી ક્રૂર રીતે ચૂંથી રહી હતી તેનો સાક્ષાત્કાર જીવનમાં પહેલી વખત દીકરાને થયો. તેનું હૈયું પોકારી ઊઠ્યું.

(D) વહુ એના મળમૂતર ધોવા તૈયાર નહીં હોય તો હું ધોઈશ ! એ સાથે વેદનાનો કાળમીંઢ પથ્થર એની છાતી ઉપરથી ખસી ગયો.

**111** નીચે આપેલા રૂઢિપ્રયોગને તેનાં અર્થ સાથે જોડો.

| | |
|---|---|
| (1) હૃદય છલકાઈ જવું | (A) મનની વાત કહેવી |
| (2) પેટ દેવું | (B) મક્કમ રહેવું |
| (3) એકના બે ન થવું | (C) દોટ મૂકવી |
| (4) હડી કાઢવી | (D) આનંદિત થઈ ઊઠવું. |

(A) 1-B,2-D,3-C,4-A (B) 1-D,2-A,3-B,4-C (C) 1-C,2-B,3-A,4-D (D) 1-A,2-C,3-D,4-B

**112** મનીષા નિર્ભય અને પરાક્રમી બની ગઈ છે. આ વાક્ય સાથે અર્થની રીતે બંધબેસતું ન હોય તેવું વાક્ય ઓળખાવો.

(A) મનીષા સુંદરીમાંથી શક્તિ બની ગઈ.

(B) ગરોળીથી ડરનાર હવે મગર સાથે લડી શકે છે.

(C) સુકુમાર વ્યક્તિ શક્તિશાળી બની શકે છે.

(D) વાઘની છલાંગથી તે ચીસ પાડી ઊઠી.

**113** નીચે આપેલા શબ્દો અને તેનાં અર્થના યોગ્ય જોડકાં ગોઠવો.

| | |
|---|---|
| (1) વિખ્યાત | (A) પ્રયત્નથી સિદ્ધિ મેળવી હોય તે. |
| (2) પ્રખ્યાત | (B) વિશિષ્ટ ગુણ લક્ષણોથી જાણીતું બન્યું હોય તે. |
| (3) મશહૂર | (C) પ્રયત્નથી ખ્યાતિ મેળવી હોય તે. |
| (4) પ્રસિદ્ધ | (D) વિશિષ્ટ રીતે ખ્યાતિ મેળવી હોય તે. |

(A) 1-B,2-C,3-D,4-A (B) 1-D,2-A,3-C,4-B (C) 1-D,2-C,3-B,4-A (D) 1-A,2-B,3-C,4-D

**114** નીચે આપેલા શબ્દો અને તેનાં અર્થના યોગ્ય જોડકાં ગોઠવો.

| | |
|---|---|
| (1) ધર્માદો | (A) કૉલેજ, શાળા, પુસ્તકાલય, બાગ-બગીચા બાંધવા માટે અપાય તે. |
| (2) દક્ષિણા | (B) ધર્મ-બુદ્ધિથી પુણ્ય મેળવવાના ઈરાદાથી અપાય તે. |
| (3) સખાવત | (C) સમાજની ઉન્નતિ માટે અપાય તે. |
| (4) દાન | (D) ધાર્મિક ક્રિયા કરવા બદલ બ્રાહ્મણોને અપાય તે. |

(A) 1-C,2-D,3-A,4-B (B) 1-B,2-D,3-C,4-A (C) 1-C,2-B,3-D,4-A (D) 1-A,2-C,3-D,4-B

**115** નીચેનામાંથી કયા વાક્યમાં ક્રિયાવિશેષણ નથી ?

(A) તમે હળવે હળવે પધારજો ! (B) વાતાવરણમાં અચાનક પલટો આવ્યો.

(C) રાતોરાત રસ્તો બની ગયો. (D) અધિકારી રસ્તાનું નિરીક્ષણ કરી રહ્યા છે.

**116** 'વહી ગયેલો સમય પાછો આવતો નથી.' - આ અર્થ સમજાવતી પંક્તિ ઓળખાવો.

(A) કેડી આગળ જાય, પાય અવળા, કેમે કરી ઊપડે.

(B) સાથે શ્વાન, પૂરી થતાં હદ હવે એનેય પાછા જવું.

(C) ચાલો જીવ, જવાનું આગળ, નહીં આ કાળના વ્હેણમાં પાછા ઉપરવાસ શક્ય વહવું.

(D) આંખો બે રહી ભાળતી વળી પાછી, ભીડ્યું એ ઘર.

**117** નીચેનામાંથી ગરીબીની પરિસ્થિતિ સૂચવતી કહેવત ઓળખાવો.

(A) સત્તર પંચા પંચાણું (B) બાંધી મૂઠી લાખની

(C) બોડીને તાં વળી કાંહકી કેવી ? (D) પેટે પાટા બાંધવા

**118** નીચેની ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો. (A) મગજ (B) ચિત્ત (C) ભેજું

(1) એનું ____ ભણવામાં ચોંટતું નથી.

(2) કચકચ કરીને એ મારું ____ ખાઈ ગયા.

(3) ગણિતના દાખલા કરી કરીને મારા ____ નું દહીં થઈ ગયું.

(A) 1-C, 2-A, 3-B (B) 1-B, 2-C, 3-A (C) 1-B, 2-A, 3-C (D) 1-A, 2-C, 3-B

Adda247

119 જે વાક્યમાં વ્યંગ ન થયો હોય તેવું વાક્ય દર્શાવો.

(A) ફેંકવા માટે કેળાંની છાલ શ્રેષ્ઠ !

(B) કેળું ખાઈને ફટાક કરતી છાલ ફેંકવી-એ તો આપણી રાષ્ટ્રીય રમત છે !

(C) કેળાંની છાલ ફેંકની સ્પર્ધા રાખે તો ભારતીય ખેલાડીને જ સુવર્ણચંદ્રક મળે !

(D) બીજા દેશના લોકો તો કેળાં ખાઈને છાલ પ્લાસ્ટિકની બેગમાં મૂકીને ડસ્ટબીન પાસે જઈને અંદર મૂકી આવે છે !

120 સાચાં જોડકાં જોડો.

1. પરાપૂર્વથી ચાલ્યું આવતુ — (અ) વિશ્લેષણ

2. મુશ્કેલીથી ચવાય તેવું — (બ) અકરાંતિયું

3. ખાતાં ધરાય નહિ તેવું — (ક) સનાતન

4. છૂટું પાડવું તે — (ડ) ચવડ

(A) 1-ડ,2-ક,3-અ,4-બ (B) 1-અ,2-ક,3-ડ,4-બ (C) 1-ક,2-ડ,3-બ,4-અ (D) 1-બ,2-અ,3-ક,4-ડ

121 ચાંદ, સૂરજ અને તારાની સાથે કોઈપણ પ્રાણીના નીચેનામાંથી ક્યા અંગનો સીધો સંબંધ છે ?

(A) આંખનો (B) નાકનો (C) કાનનો (D) જીભનો

122 "ટાંકણાના ઘા સહીને પણ કદી તૂટે નહિ, એજ આરસપહાણ નિજ પર શિલ્પને ધારી શકે" - પંક્તિનો ભાવાર્થ દર્શાવો.

(A) જિંદગીમાં મુશ્કેલીઓ સામે ઝઝૂમતો માણસ તૂટી જાય છે.

(B) આરસપહાણ ટાંકણાના ઘા ઝીલીને સુંદર મૂર્તિ ધારણ કરે છે.

(C) મુશ્કેલીમાં અડગ રહેવાથી જીવન સુંદર અને સાર્થક બને છે.

(D) જે મુશ્કેલીઓ સામે ઝઝૂમે છે તે આરસપહાણ બને છે.

123 વાર્તાના આડા અવળા ક્રમમાં લખેલાં વાક્યોને તેમના ઘટનાક્રમ મુજબ ગોઠવો.

(1) શિષ્યએ માથે સૂંડલા ઉપાડી કોઢ સાફ કરી નાખી.

(2) "બેટા, કોઢ બહુ ગંદી છે, જરા વાસીદું કરી આપ તો."

(3) દીકરો તો છાણ-વાસીદું કરવા ગયો.

(4) "કોઢનો મેલ તારાથી ના ઊઠાવાયો તો મારા આટલા બધા શિષ્યોનો મેલનું કેમ ઊઠાવી શકીશ ?"

(5) દીકરાએ વાંધો ઊઠાવ્યો.

(6) નાનક સાહેબે શિષ્યને કહ્યું : "તું મારો વારસ."

(A) 2,3,5,6,4,1 (B) 3,1,2,6,5,4 (C) 2,4,6,5,3,1 (D) 2,3,1,6,5,4

124 નીચેનામાંથી કયો વાક્યપ્રયોગ સાચો છે તે ઓળખાવો.

(A) વીજળીની કરામતથી કૃષ્ણજન્મ તાદૃશ થતો બતાવવાનો હતો.

(B) વીજળીની યુક્તિથી કૃષ્ણજન્મ તાદૃશ થતો બતાવવાનો હતો.

(C) વીજળીની તરકીબથી કૃષ્ણજન્મ તાદૃશ થતો બતાવવાનો હતો.

(D) વીજળીની વ્યૂહાત્મકતાથી કૃષ્ણજન્મ તાદૃશ થતો બતાવવાનો હતો.

125 ફાટી - તૂટી ગુણપાટ, કેરોસીનના કાટ ખાયેલા ડબ્બાના પતરાનું છાપરું, ઝૂંપડામાં ફગફગિયો દીવો - આ વિશેષણોનો પ્રયોગ કરીને લેખકે સમાજની કઈ પરિસ્થિતિને આબેહૂબ વર્ણવી છે ?

(A) શ્રીમંતાઈની (B) ગરીબાઈની (C) કારાગૃહની (D) મધ્યમવર્ગની

126 નીચે આપેલા વાક્યોને તેના ઘટના ક્રમ મુજબ ગોઠવો.

(1) અંકિતનો જાણે મુઠીઓ વાળી સતત દોડવામાંથી છૂટકારો થઈ ગયો.

(2) સૌરભને શ્રેષ્ઠ વિદ્યાર્થીનું શિલ્ડ મળ્યુંને અંકિત સાતમે નંબરે પાસ થયો.

(3) અંકિત અને સૌરભના વર્ગ જુદા થવાથી અમને મોટી હાશ થઈ.

(4) અમે પહેલેથી થોડા દિવસ બહાર જવાનો કાર્યક્રમ ગોઠવી રાખેલો.

(A) 3–2–4–1 (B) 2–1–3–4 (C) 1–3–4–2 (D) 2–4–3–1

Adda247

| | |
|---|---|
| 127 | નીચેના ભાષા પ્રયોગો દ્વારા જીવલાના વ્યક્તિત્વને ઉપસાવતા કયા ગુણો છે ?<br>(1) તારા પૈહા દૂધે ધોઈને આલવાના<br>(2) જીવલો હાઉકારનો જનમજનમનો ઋણી<br>(3) હાઉકારના પોયરાંને આપદાની પડવી જોઈએ.<br>(4) પૈસા ખોટા કરવાની જરાય દાનત નહિ.<br>(5) જીવલો શેરડી, બોર, જાંબુ, કેરી કંઈ ને કંઈ આપી જતો.<br>(A) પ્રેમાળ, સરળ અને પ્રામાણિક (B) ગરીબ, સરળ અને લુચ્ચો<br>(C) ગરીબ તોછડો અને સ્પષ્ટ વક્તા (D) અપ્રામાણિક, તોછડો અને મિજાજી |
| 128 | નીચેનામાંથી કયું વાક્ય ભાવે વાક્ય છે ?<br>(A) રોહનથી આબેહૂબ એવું જ ચિત્ર દોરાયું.<br>(B) છબીલથી ધીરજકાકાને બે રૂપિયા આપવાની હા પડાઈ.<br>(C) આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને પ્રવાસ અંગે જણાવવામાં આવ્યું.<br>(D) સંકુલમાં જ છાત્રાલયની વ્યવસ્થા છે પણ રમેશથી કુટુંબથી દૂર નહિ રહેવાય. |
| 129 | નીચેની કાવ્યપંક્તિનો છંદ ઓળખાવો.<br>'કરતાં જાળ કરોળિયો, ભોંય પડી પછડાય. વણ તૂટેલે તાંતણે, ઉપર ચડવા જાય.'<br>(A) ચોપાઈ (B) શિખરિણી (C) મંદાક્રાન્તા (D) દોહરો |
| 130 | 'એલા ડોસલા આવો ભૂખાવળો ક્યાંથી થ્યો.' આ વાક્યમાં કયું વિરામચિહ્ન ક્યાં આવશે ?<br>(A) ડોસલા પછી અલ્પવિરામ અને થ્યો પછી પ્રશ્નાર્થ ચિહ્ન.<br>(B) ડોસલા પછી અલ્પવિરામ અને થ્યો પછી ઉદ્ગાર ચિહ્ન.<br>(C) ડોસલા પછી પૂર્ણ વિરામ અને થ્યો પછી પ્રશ્નાર્થ ચિહ્ન.<br>(D) ડોસલા પછી પૂર્ણ વિરામ અને થ્યો પછી ઉદ્ગાર ચિહ્ન. |

Adda247

131 પ્રશિક્ષણાર્થી વિવિધ શૈક્ષણિક પદ્ધતિ ઉપર પ્રભુત્વ મેળવે તે માટે અભ્યાસક્રમમાં શાનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) માઈક્રોપાઠ (B) સેતુપાઠ (C) સિમ્યુલેશન (D) છૂટો પાઠ

132 માઈક્રોટિચિંગના સોપાનો ક્રમમાં ગોઠવો ?
(1) પુનઃ આયોજન (2) પુનઃ શિક્ષણ (3) પ્રતિપોષણ (4) શિક્ષણ (5) પુનઃ પ્રતિપોષણ
(A) 4,3,2,1,5 (B) 2,4,5,3,1 (C) 4,3,1,2,5 (D) 4,3,1,5,2

133 કઈ પદ્ધતિથી વિદ્યાર્થીઓની મૌલિક ચિંતન કરવાની ક્ષમતાને નુકસાન પહોંચે છે ?
(A) પ્રવચન પદ્ધતિ (B) જૂથ ચર્ચા પદ્ધતિ (C) નિદર્શન પદ્ધતિ (D) સ્વાધ્યાય પદ્ધતિ

134 શિક્ષણમાં સૌ પ્રથમ પ્રોજેક્ટ પદ્ધતિનો ઉપયોગ કરનાર કોણ હતા ?
(A) જ્હોન ડ્યૂઈ (B) બટલર (C) કિલ પેટ્રિક (D) બેન્જામિન બ્લૂમ

135 એક સંકલ્પના સમજાવવા માટે પહેલા શીખેલ અન્ય સંકલ્પનાને આધાર બનાવવામાં આવે, તેને શું કહેવાય છે ?
(A) વિહંગાવલોકન (B) અનુબંધ (C) પુનરાવર્તન (D) દૃઢીકરણ

136 નીચેનામાંથી સંધિનો કયો નિયમ યોગ્ય નથી ?
(A) અઘોષ વ્યંજન + સ્વર → ઘોષ વ્યંજન
(B) ત્ + તાલવ્ય વ્યંજન → યથાવત્
(C) અઘોષ વ્યંજન + અઘોષ વ્યંજન → યથાવત્
(D) ત્ + તાલવ્ય વ્યંજન → બેવડાય

137 જીવલો આવે ત્યારે બાનું **થોડુંઘણું** કામ કરી જાય. રેખાંકિત શબ્દનો સમાસ ઓળખાવો.
(A) વૈકલ્પિક દ્વન્દ્વ સમાસ
(B) સમુચ્ચયવાચક દ્વન્દ્વ સમાસ
(C) તત્પુરુષ સમાસ
(D) બહુવ્રીહિ સમાસ

138 ગંગાસતી એમ બોલિયાં રે, પાનબાઈ જેને **વચનું** માં વિશ્વાસ. રેખાંકિત શબ્દ કઈ બોલીનો છે ?
(A) સુરતી બોલી (B) ચરોતરી બોલી (C) સૌરાષ્ટ્રની બોલી (D) પટ્ટણી બોલી

139 ભણે નરસૈયો તેનું દરશન કરતાં, **કુળ** ઈકોતેર તાર્યાં રે. રેખાંકિત શબ્દ ...
(A) સમૂહવાચક સંજ્ઞા છે.
(B) વિશેષણ છે.
(C) વ્યક્તિવાચક સંજ્ઞા છે.
(D) સંખ્યાવાચક વિશેષણ છે.

140 શેક્સપિયરિયનશાહી સોનેટમાં પંક્તિ વિભાજન કેવી રીતે થાય છે ?
(A) 8 + 6 = 14 (B) 6 + 8 = 14 (C) 4+4+4+2 = 14 (D) 4+4+6 = 14

141 જીવલાની અજ્ઞાન વફાદારી હું મૂક સાક્ષીની જેમ જોયા કરતો. આ વાક્યમાં ...
(A) વફાદારી ભાવવાચક સંજ્ઞા છે.
(B) મૂક ભાવવાચક સંજ્ઞા છે.
(C) સાક્ષી ભાવવાચક સંજ્ઞા છે.
(D) અજ્ઞાન ભાવવાચક સંજ્ઞા છે.

142 વહી જતી આ લે'રખી વ્યાકુળ કરે છે અહીં. - આ પંક્તિમાં કયું વિરામચિહ્ન પ્રયોજાયું છે ?
(A) લઘુરેખા (B) મધ્યરેખા (C) લોપક ચિહ્ન (D) લાઘવ ચિહ્ન

143 પ્રહર એટલે ...
(A) ચોઘડિયું (B) પાંચ કલાક (C) પાંચ ઘડી (D) સાડા સાત ઘડી

144 જૂથચર્ચા પદ્ધતિની મર્યાદા સૂચવે છે ?
(A) અધ્યયન અસરકારક બને છે.
(B) જૂથના તમામ અધ્યેતાઓ સક્રિય બનતા નથી.
(C) વિષયવસ્તુની ઉંડાણપૂર્વકની માહિતી મળે છે.
(D) જ્ઞાન ચિરસ્થાયી બને છે.

145 માઈક્રોટિચિંગ શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ કોણે કર્યો હતો ?
(A) ડવાઈટ એલન (B) સોક્રેટિસ (C) સિગમંડ ફ્રોઈડ (D) નેડ ફ્લેન્ડર્સ

146 શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ કોના દ્વારા રજૂ કરવામાં આવ્યું ?
(A) જે.બી.વોટ્સન (B) ડૉ.બી.કે.પાસી (C) બેન્જામિન બ્લૂમ (D) પ્રો.નેડ ફ્લેન્ડર્સ

Adda247

147 નીચેનામાંથી ક્યો તળપદો શબ્દ છે ?

(A) સાપ (B) સર્પ (C) નાગ (D) એરુ

148 તે જ સમયે એક બ્રિટિશ પર્વતારોહક ચઢતો હતો. રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.

(A) ઉપપદ સમાસ (B) દ્વંદ્વ સમાસ (C) કર્મધારય સમાસ (D) તત્પુરુષ સમાસ

149 નીચેનામાંથી કયો શબ્દ નકારનો ભાવ સૂચવતો નથી ?

(A) અમાપ (B) અણઘડ (C) અશોક (D) અજવાળું

150 નીચેનામાંથી કયા શબ્દની જોડણી નિયમાનુસાર નથી ?

(A) વરિયાળી (B) ખાસીયત (C) હોશિયાર (D) અઠવાડિયું

151 નીચેનામાંથી કયો પ્રત્યય વિરોધી શબ્દ બનાવવા માટે વપરાય છે ?

(A) ઉપ (B) સુ (C) ઉદ્ (D) કુ

152 "અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા ક્યાંથી થયા ? અખા મોટાની તો એવી જાણ, મૂકી હીરો ઉપાડે પહાણ" - આ છપ્પા દ્વારા કવિનો...

(A) નિરાશાનો ભાવ વ્યક્ત થાય છે.
(B) આશ્ચર્યનો ભાવ વ્યક્ત થાય છે.
(C) અદેખાઈનો ભાવ વ્યક્ત થાય છે.
(D) વ્યંગનો ભાવ વ્યક્ત થાય છે.

153 અર્થની રીતે અલગ પડતાં વાક્યને ઓળખો.

(A) શેઠે જીવનમાં સુખ જ સુખ જોયું છે.
(B) શેઠે જીવનમાં લીલીસૂકી જોઈ છે.
(C) શેઠે જીવનમાં તડકી-છાંયડી જોઈ છે.
(D) શેઠે જીવનમાં ચડતી - પડતી જોઈ છે.

154 તેમની પાસે અક્ષરજ્ઞાન નથી પણ અનુભવજ્ઞાન છે - વાક્યનો અર્થ દર્શાવતું વિધેયવાક્ય ઓળખો.

(A) તેઓ સાક્ષર છે પણ અનુભવજ્ઞાન નથી.
(B) તેમને અક્ષરજ્ઞાન તો નથી પણ અનુભવજ્ઞાન પણ નથી.
(C) તેઓ નિરક્ષર છે પણ તેમની પાસે અનુભવજ્ઞાન છે.
(D) તેઓ ભણ્યા નથી પણ ગણ્યા છે.

155 વિરોધી શબ્દ પ્રયોગવાળા વાક્યને ઓળખો.

(A) તેમને બોલવતાંય આવડે છે અને ઠારતાંય આવડે છે.
(B) પ્રગતિના પંથે પ્રયાણ કરતાં-કરતાં ક્યારે અવગતિના પંથે પ્રયાણ થયું તેનું ભાન જ ન રહ્યું.
(C) તેમના શબ્દેશબ્દમાં પ્રશંસાના ફૂલોનો પમરાટ છે.
(D) દેશમાં રહીને પણ સ્વદેશ બહારના સ્વજનોની સાથે વાતચીત કરી શકાય છે.

156 નીચેનામાંથી શબ્દકોશના ક્રમ પ્રમાણે ચોથા સ્થાને કયો શબ્દ આવે ?

(A) અંબાજી (B) ક્ષત્રિય (C) ત્રાજવું (D) જ્ઞાન

157 નીચે આપેલાં વાક્યોમાંથી સંધિયુક્ત શબ્દ ધરાવતું વાક્ય ઓળખો.

(A) શાળાને સમયપત્રક છે પણ સમયને કોઈ સ્થાન નથી.
(B) મારાં બાળકોના સંસ્કાર ન બગડે; વિદ્યાલયમાં શિસ્તનું પાલન થાય છે.
(C) શાળાનું બાળક અસત્ય ન બોલે, અપશબ્દ ન બોલે.
(D) બાળકો જોશે અને અનુકરણ કરશે.

158 "થૂ, આંસુ તો લાગે ખારું !" પંક્તિમાં ક્યા શબ્દ દ્વારા અણગમાનો ભાવ સૂચવાય છે ?

(A) ખારું (B) થૂ (C) આંસુ (D) તો

159 પ્રમાણિકતા, નૈતિકતા, વફાદારી જેવા ગુણોના મૂલ્યાંકન માટે, મૂલ્યાંકનનું કયુ સાધન શ્રેષ્ઠ છે ?
(A) સામાજિકતામિતિ (B) પ્રસંગનોંધ (C) ઓળખયાદી (D) ક્રમમાપદંડ

160 નીચેના પૈકી કઈ લાક્ષણિકતા મનોવૈજ્ઞાનિક કસોટીની નથી ?
(A) વિશ્વસનીયતા (B) યથાર્થતા (C) તુલનાત્મકતા (D) પ્રમાણિતતા

161 પાઠ આયોજનથી અધ્યાપકને શું ફાયદો થાય છે ?
(A) સમય ઓછો પડે છે.
(B) અધ્યાપકમાં આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા વધે છે.
(C) અધ્યાપન કાર્યમાં સાતત્યનો અભાવ.
(D) અનુશાસનાત્મક સમસ્યાઓ ઉદ્ભવે.

162 પ્રશ્ન કૌશલ્ય દરમ્યાન વિદ્યાર્થીઓના અધૂરા ઉત્તરોને પૂર્ણ કરવા માટે પૂછેલા પ્રશ્નના અનુસંધાનમાં અન્ય પ્રશ્નો પૂછવામાં આવે તેને કયા પ્રશ્નો કહેવામાં આવે છે ?
(A) વિચારપ્રેરક પ્રશ્નો (B) પૂર્તિ પ્રશ્નો (C) દઢીકરણના પ્રશ્નો (D) ધ્યાનાકર્ષણના પ્રશ્નો

163 મુદ્રિત સામગ્રીના અર્થને ધ્વનિયુક્ત ઉચ્ચાર સિવાય ગ્રહણ કરવું એટલે શું ?
(A) લેખન (B) મૂકવાચન (C) મુખવાચન (D) અનુલેખન

164 મુક્ત અને સર્જનાત્મક અભિવ્યક્તિનું માપન કયા પ્રશ્નો દ્વારા કરી શકાય છે ?
(A) ટૂંક જવાબી (B) વૈકલ્પિક પ્રકારના (C) નિબંધ પ્રકારના (D) ખાલી જગ્યા પ્રકારના

165 હર્બાર્ટએ આપેલા પાઠ આયોજનના પાંચ પગથિયા પૈકી પ્રથમ પગથિયું કયુ છે ?
(A) હેતુકથન (B) વિષયનિરૂપણ (C) પૂર્વ તૈયારી/તૈયારી (D) પુનરાવર્તન

166 માઈક્રોટીચિંગ અને સ્ટ્રે લેસન (છૂટા પાઠ) ને જોડતી કડી કઈ છે ?
(A) સિમ્યુલેશન (B) પાઠ આયોજન (C) દૈનિક આયોજન (D) એકમ આયોજન

167 વિદ્યાર્થીઓની શૈક્ષણિક નબળાઈ કે કચાશ જાણવા માટે કઈ કસોટી ઉપયોગી છે ?
(A) સિદ્ધિ કસોટી (B) નિદાન કસોટી (C) પ્રમાણિત કસોટી (D) અભિયોગ્યતા કસોટી

168 ઉદાહરણોને આધારે તર્ક કરી સામાન્યીકરણ કરીને સિદ્ધાંત, નિયમ, સૂત્ર કે વ્યાખ્યા તારવવાની પદ્ધતિ કયા નામથી ઓળખાય છે ?
(A) જૂથચર્ચા પદ્ધતિ (B) આગમન પદ્ધતિ (C) નિગમન પદ્ધતિ (D) તુલનાત્મક પદ્ધતિ

169 માઈક્રોટીચિંગની શરૂઆત અમેરિકાની કઈ યુનિવર્સિટીમાંથી થઈ હતી ?
(A) શિકાગો યુનિવર્સિટી
(B) સ્ટેન્ફોર્ડ યુનિવર્સિટી
(C) એવલોન યુનિવર્સિટી
(D) જ્યોર્જટાઉન યુનિવર્સિટી

170 નીચેનામાંથી કોણ માત્ર સંખ્યાત્મક હોય છે ?
(A) મૂલ્યાંકન (B) માપન (C) પ્રક્રિયા (D) શિક્ષણ

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**



Adda247